




## ગત જન્મનાં કર્મો અને પાપો ઝડપથી ધોવા માટે
# વૈશાખનો પુણ્યશાળી મહિનો



**જડીબુટ્ટી**

**નજુમી**

ચૈત્ર બાદ બીજો મહિનો હોય છે વૈશાખ. વૈશાખ મહિનો શરૂ થઇ ગયો છે. પુરાણોમાં વૈશાખ મહિનાના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે.

સ્કંધ પુરાણમાં જણાવ્યું છે કે, વૈશાખ મહિના જેવો કોઈ ઉત્તમ મહિનો નથી. આ મહિનાને માધવ માસ પણ કહેવામાં આવે છે. કારણ કે ભગવાન વિષ્ણુએ આ મહિનામાં ‘મધુ’ નામના રાક્ષસનો અંત કર્યો હતો. ધાર્મિક દ્દષ્ટિથી વૈશાખ મહિનો ઘણો પુણ્યદાયી માનવામાં આવે છે.

આ મહિનામાં ભગવાન વિષ્ણુએ નરસિંહ અને પરશુરામનો અવતાર લીધો હતો. આ મહિનામાં માતા સીતા પણ જન્મી હતી. આ મહિનામાં શુભ કાર્ય, દાન, પુણ્ય અને પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી અશ્વમેધ યજ્ઞ જેટલું ફળ મળે છે. વૈશાખ મહિનામાં ભગવાન વિષ્ણુના મધુસૂદન સ્વરૂપના પૂજનનું વિધાન છે. પૂજા-પાઠની સાથે સાથે કેટલાક ઉપાય પણ કરી શકાય છે.

**- દેવી તુલસીની પૂજા**

આખો મહિનો દેવી તુલસીની પૂજા કરવી અને તેના છોડને નિયમિત રીતે પાણી ચઢાવવાથી ‘પિતૃદોષ’માંથી છુટકારો મળી શકે છે.

**- માર્ગના મુસાફરોને પાણી આપવું**

પાણીનું દાન કરવું અને રસ્તાનાં મુસાફરોને પાણી અવશ્ય પીવડાવવું. આવું કરવું ઘણું પુણ્યદાયી છે.

**- ભગવાન સૂર્યની ઉપાસના**

આ મહિનામાં નિયમિત રીતે ભગવાન સૂર્યની ઉપાસના કરવી અને તેમને પાણી અર્પણ કરવું. તેનાથી જીવન સુખી થાય છે.

**- વિષ્ણુજી અને દેવી લક્ષ્મીજીની પૂજા-હવન કરાવવો**

વૈશાખ મહિનામાં શ્રીહરિ વિષ્ણુજી અને દેવી લક્ષ્મીજીની પૂજા કરવી. હવન કરાવવો. પુરુષ સૂક્તના પાઠથી વિષ્ણુ ભગવાનને અભિષેક તેમજ શ્રીસૂક્તના પાઠથી માતા લક્ષ્મીજીનો અભિષેક તેમજ એય બે સૂક્તોના પાઠથી હવન કરાવવાથી ઘરમાં સુખ-સમૃધ્ધિ રહે છે અને માનસિક શાંતિ રહે છે. આ ઉપાયનો વૈશાખ-અધિક માસમાં જાણકાર પાસે ખાસ લાભ લેવો.

**- દીવો પ્રગટાવવો**

આ મહિનામાં દરરોજ મુખ્ય દ્વાર પાસે ઘીનો દીવો પ્રગટાવવો. આમ કરવાથી ઘરમાં ખૂબ જ શાંતિ રહેશે.

‘વૈશાખ’ જેવો કોઈ મહિનો નથી.
સત્યયુગ જેવો કોઈ યુગ નથી.
વેદની સરખામણીમાં કોઈ શાસ્ત્ર નથી.
ગંગાજી જેવું તીર્થ નથી.

વૈશાખ માસને બ્રહ્માજીએ બધા મહિનાઓમાં ઉત્તમ કહ્યો છે. ભગવાન વિષ્ણુને પ્રસન્ન/ખુશ કરનારો તેના જેવો બીજો કોઈ મહિનો નથી.

> **“ શોર્ટ કટમાં સુખી થવું હોય તો વૈશાખ મહિનામાં સંક્ષિપ્ત વિષ્ણુ યજ્ઞ અને વિશેષ લક્ષ્મીપૂજન-હવન કરાવવો જોઇએ ”**

જે વૈશાખ મહિનામાં સૂર્યોદય પહેલાં સ્નાન કરે તો તેને ભગવાન વિષ્ણુ નિરંતર પ્રીતિ કરે છે. જ્યાં સુધી જીવ વૈશાખ મહિનામાં પ્રાતઃકાળે પાણીમાં સ્નાન નથી કરતો ત્યાં સુધી પાપ ગર્જે છે. વૈશાખ મહિનામાં બધાં તીર્થ દેવતા વગેરે (તીર્થ સિવાય) બહારનાં જળમાં પણ હંમેશા તે રહે છે. ભગવાન વિષ્ણુની આજ્ઞાથી મનુષ્યોના કલ્યાણ કરવા માટે તે સૂર્યોદયથી લઈને છ દંડની અંદર તે ઉપસ્થિત રહે છે.

વૈશાખ સર્વશ્રેષ્ઠ માસ છે અને શેષશાયી ભગવાન વિષ્ણુને સદા પ્રિય છે. બધાં દાનમાં જે પુણ્ય હોય છે અને બધાં તીર્થોમાં જે ફળ હોય છે તે ફળ ફક્ત વૈશાખ મહિનામાં જલદાન કરવાથી પ્રાપ્ત કરી લે છે. જે જલદાન કરવામાં પણ અસમર્થ હોય. પરંતુ પોતાના જીવનમાં ઐશ્વર્યની અભિલાષા રાખવા માટે મનુષ્યે બીજાને પ્રબોધ કરવો જોઈએ અને બીજાને જલદાનનું મહત્ત્વ સમજાવવું જોઈએ. આ બધા દાનથી વધીને હિતકારક છે. જે મનુષ્ય વૈશાખ માસમાં માર્ગ પર યાત્રીઓ માટે પરબ મૂકે છે તે વિષ્ણુલોકમાં જાય છે. જે વિષ્ણુભક્ત પુરુષ વૈશાખ મહિનામાં નદીસ્નાન કરે છે તે ત્રણ જન્મોનાં પાપોમાંથી ચોક્કસ મુક્ત થઈ જાય છે. જે સૂર્યોદયના સમયે કોઈ સમુદ્રગામિની નદીમાં વૈશાઅ સ્નાન કરે તે સાત જન્મોનાં પાપોમાંથી

> **“ આ મહિનામાં શુભ કાર્ય, દાન, પુણ્ય અને પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી અશ્વમેઘ યજ્ઞ જેટલું ફળ મળે છે ”**

તાત્કાલિક છૂટી જાય છે.

સૂર્યદેવનું મેષ રાશિ પર આવવાથી ભગવાન વિષ્ણુના ઉદ્દેશથી વૈશાખ માસ સ્નાનનું વ્રત લેવું જોઈએ. સ્નાન કર્યા બાદ વિષ્ણુની પૂજા કરવી જોઈએ.

સ્કંધ પુરાણમાં લખ્યું છે કે, મહીરથ નામનો એક રાજા હતો, જે કામનાઓમાં આસક્ત તથા અજીતેન્દ્રિય હતો. તેણે ફક્ત વૈશાખ-સ્નાનના સુયોગથી જ વૈકુંઠ ધામને પ્રાપ્ત કર્યું.

વૈશાઅ મહિનાના દેવતા - ભગવાન મધુસૂદન છે. તેમને આ પ્રકારની પ્રાર્થના કરવી જોઈએ. ‘‘હે મધુસૂદન! હે દેવેશ્વર માધવ! હું મેષ રાશિમાં સૂર્ય રહેવાથી વૈશાખ માસમાં પ્રાતઃ સ્નાન કરીશ. તમે તેને નિર્વિઘ્ને પૂરું કરજો’’. ત્યાર બાદ નીચેના મંત્રથી તેમને અર્ધ્ય આપવો:

વૈશાખે મેષગે ભાનૌ પ્રાતઃ સ્નાનપરાયણઃ
અર્ધ્ય તે હં પ્રદાસ્યામિ ગૃહાણ મધુસૂદન

**- મેષ-સંક્રાંતિ**

જ્યારે ‘સૂર્ય’ મીન રાશિમાંથી સંક્રમણ કરે છે ત્યારે તે કાળ મેષસંક્રાંતિ કહેવાય છે અને ત્યારથી સૌર વૈશાખ મહિનાની પ્રવૃત્તિ શરૂ થાય છે. આ સંક્રાંતિને ભગવાન સૂર્ય ઉત્તરાયણની અડધી યાત્રા પૂર્ણ કરે છે. બંગાળવાસીઓ તેને નવ વર્ષના રૂપે ઉજવે છે. આ સંક્રાંતિમાં ધર્મઘટનું દાન, સ્નાન, તલો દ્વારા પિતૃઓનું તર્પણ તથા મધુસૂદન ભગવાનના પૂજનનું વિશેષ મહત્ત્વ છે.

પદ્મ પુરાણ અનુસાર... મેષની સંક્રાંતિમાં દસ ઘડી (ચાર કલાક) પહેલાંથી અને દસ ઘડી (ચાર કલાક) બાદ આઠ કલાકમાં પુણ્યકાળ રહે છે. પંદર ઘડી પહેલાં તથા પંદર ઘડી બાદનો પણ પુણ્યકાળ બતાવ્યો છે. વિષ્ણુ સ્મૃતિમાં મેષ-સંક્રાંતિ પર સવારે મહાપાતકનો નાશ કરનારું બતાવ્યું છે. આ વખતે સવારે મેષ-સંક્રાંતિ છે.




## તમે કોઈ પણ તકલીફમાં
# બજરંગ ‘બાણ’ છોડો...
## તમારું કામ થઈ જશે

ગોસ્વામી તુલસીદાસની રામાયણ, હનુમાન ચાલીસા પછી સૌથી વધુ લોકપ્રિય રચના હોય તો તે છે, બજરંગ બાણ. હતાશા, ડિપ્રેશન, ભયને ભગાડવા માટે બજરંગ બાણ રામબાણ સાબિત થયું છે. આત્મહત્યા કરવા તૈયાર થયેલાં લોકો બજરંગ બાણનું મહત્ત્વ સ્વીકારતા જીવનનો જંગ લડવા અને જીતવા સજ્જ થયાં છે. હરીફોને હરાવવા, કોર્ટ-કચેરીમાં વિજય મેળવવા, ભૂત-પ્રેતના નડતરને દૂર કરવામાં બજરંગ બાણની આરાધના ચમત્કારી પરિણામ આપતાં અનુભવાયું છે.

નોકરી-ધંધામાં શત્રુઓની અડચણો, શત્રુતા સામે બજરંગ બાણ સક્ષમ સુરક્ષા પૂરી પાડે છે.

આમ છતાં બહુ ઓછાં લોકોને ખબર હશે કે બજરંગ બાણ ખરા અર્થમાં મારણ પ્રયોગ છે. બજરંગ બાણની તાંત્રિક સાધનાથી ગમે તેવા શક્તિશાળી શત્રુનો નાશ કરી શકાય છે. અહીં બજરંગ બાણના સરળ, સાત્ત્વિક અનુભૂત પ્રયોગો આપેલ છે તે અજમાવી જોવા.

**ભય, હતાશા ભગાડવા માટે :** બજંરગ બાણનો રોજ ૧૧ વખત પાઠ કરવો. દર મંગળવારે મારુતિ પ્રતિમાનું ધૂપ-દીપ, તેલ-સિંદૂર, ચૂરમાનો પ્રસાદ અર્પણ કરી પૂજન કરવું. ત્યાર બાદ હનુમાનજીની છાતીએ લાગેલું સિંદૂર લઈ કપાળે અને છાતીના ભાગ પર ચાંદલો કરવો. આ પ્રયોગથી ક્રમશઃ આત્મબળનો વિકાસ થશે. આત્મહત્યા કરવા તૈયાર થયેલો મિત્ર આ પ્રયોગ બાદ જીવનનો જંગ લડવા તૈયાર થતાં જોયો છે.

**કોર્ટ-કચેરીમાં વિજય મેળવવાઃ** હનુમાનજીની ડાબી જાંઘનું સિંદૂર લેવું, તેને ૧૧ વાર બજરંગ બાણનો પાઠ કરી અભિમંત્રિત કરવું. આ સિંદૂરનો કપાળની વચ્ચમાં નાનું ટપકું કરી ચાંલ્લો કરવો. કોર્ટ-કચેરીની અંદર વાદવિવાદ કોર્ટ-કેસમાં વિજય મળશે.

**ભૂત-પ્રેત-કરણ દોષ દૂર કરવા માટેઃ** ડાબા હાથમાં સરસવ લેવા. તેના પર જમણો હાથ ઢાંકીને ૧૧ વાર બજરંગ બાણનો પાઠ કરવો. સરસવના આ દાણા ચારે દિશામાં ફેંકવા, ભૂત-પ્રેતથી ગ્રસિત વ્યક્તિના અંગ પર મારવા. ભૂત ભાગી જશે, પ્રેત બાધા દૂર થશે.

**ચંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

> **“ રોગોમાં જેમ કોઈ ઈલાજ - રામબાણ હોય છે તેમ તમારી કોઇ પણ સમસ્યામાં જો બજરંગ બાણના પાઠ કરો. પછી પરિણામ ચમત્કારિક જોશો ”**

**ઘરનો વહેમ, વાસ્તુદોષ દૂર કરવા માટે :** આકડાના પીળા પડી ગયેલા પાંદડાને ખાંડીને પાવડર બનાવવો. તેને રૂમાં મૂકી વાટ બનાવવી. કોડિયામાં તેલ ભરી વાટ મૂકવી. પ્રયોગ સંધ્યાકાળે કરવાનો છે. ઘરની બધી વીજળી બંધ કરી દેવી. દીવો સમસ્ત ઘરમાં ફેરવવો એટલે કે દીવાનો પ્રકાશ આખાય ઘરમાં ફેરવવો. ત્યાર બાદ રૂમમાં બેસીને દીવા સામે બજરંગ બાણના ૧૧ પાઠ કરવા. આ પ્રયોગથી ઘરના વાસ્તુદોષ દૂર થશે. ઘર પર કરણી નજરદોષ હશે તો તે દૂર થશે.

**રક્ષા સૂત્રઃ** લાલ રેશમી દોરો લેવો. બજરંગ બાણનો પાઠ કરી ફૂંક મારી દોરાને ગાંઠ મારવી. આ દોરો ગળે કે બાવડે બાંધવાથી રક્ષા થાય છે. નજરદોષ, નડતર, પ્રેત બાધા, શત્રુ સામે રક્ષા થાય છે.

**તાવીજ :** બજરંગ બાણથી તાવીજ પણ બનાવી શકાય છે. ભોજપત્ર કે સફેદ કાગળ પર લાલ શાહીથી બજરંગ બાણ લખવું. કાગળ વાળીને ગડી કરીને લાંબા, ચાંદી કે સોનાના તાવીજમાં મૂકવું. તાવીજ પર ૧૧ પાઠ કરવા. આ તાવીજને ગળે કે કાંડે બાંધવાથી પ્રેત, નજરદોષ, શત્રુના પ્રપંચો સામે રક્ષણ મળે છે.

આમ બજરંગ બાણના અનેક અનુભૂત ગુરુગમ્ય પ્રયોગોનું પ્રચલન, વર્ણન સંતો-સાધકોના મુખે જાણવા મળ્યું છે. તેમાં કેટલાક સરળ પ્રયોગો વાચકોના લાભાર્થે મૂક્યા છે.

હનુમાનજીની ભક્તિ કરનારે એક વાત ખાસ યાદ રાખવી. સંયમી, ઈશ્વરપરાયણ વ્યક્તિએ જ હનુમાન આરાધના કરવી અને આવી વ્યક્તિ માટે જ હનુમાનજીના પ્રયોગો કરવા. કામી, વ્યસની, લંપટ, ચારિત્ર્યહીન વ્યક્તિએ હનુમાનભક્તિ ન કરવામાં જ સમજદારી છે.

## કળિયુગમાં જ્યોતિષ, વાસ્તુ તેમ જ અંકશાસ્ત્રના નામે
# કેવી રીતે પાખંડ થાય છે?

ઘરમાં કોઈ બજાર યંત્ર મૂકીને જીવનનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવો... તે જ્યોતિષના આ ગૂઢ વિજ્ઞાન સાથે અન્યાય છે અંક જ્યોતિષ, રાશિફળ અને વાસ્તુના નામ પર ચાલી રહેલી ‘દુકાનદારી’: એક તાર્કિક વિશ્લેષણ-આજકાલ સોશ્યલ મીડિયા અને ટી.વી. પર ઈન્ટરનેટથી ચાર લઈન વાંચનાર અથવા થોડાક દિવસોનો કોર્સ કરીને લોકોનું ભવિષ્ય બતાવવાનો દાવો કરવા લાગે છે! કોઈ જન્મની ‘તારીખ’થી ભાગ્ય નક્કી કરી રહ્યા છે... તો કોઈ ટી.વી. પર કરોડો લોકોને એક જ ‘રાશિફળ’’ બતાવી રહ્યા હોય છે... આવી જ વાતો વાંચીને હસવું આવે છે અને તે એવું વિચારવા પર મજબૂર થવું પડે છે, કે શું માનવજીવનનું પ્રારબ્ધ એટલું સરળ અને સીધું હોય છે? આવો... આજે આ ભ્રાંતિઓનું તાર્કિક ‘પોસ્ટમોર્ટમ’ કરીએ છીએ. ફક્ત તારીખથી ભાગ્ય કેવી રીતે નક્કી કરી શકાય છે? અંક જ્યોતિષ (Numerology)ની સૌથી મોટી વિટંબણા એ છે કે, તે સારી રીતે ફક્ત એક ‘દિવસ’ (Date) પર નિર્ભર કરે છે. એક દિવસમાં 24 કલાક, 1440 મિનિટ અને 86,400 સેકંડ હોય છે.

આખી દુનિયામાં દરરોજ લગભગ 3,60,000થી 3,85,000 બાળકો જન્મે છે. એટલે કે દર સેકંડમાં લગભગ 4-5 બાળકો દુનિયામાં આવે છે. આ દરમિયાન બ્રહ્માંડમાં ગ્રહોની સ્થિતિ, તેના અંશ (Degree) અને નક્ષત્ર સતત બદલાતાં રહે છે. દર બે કલાકમાં તો લગ્ન જ બદલાઈ જાય છે. શું એક જ દિવસમાં જન્મેલાં આ 3 લાખથી વધારે બાળકોનું ભાગ્ય, તેમની બીમારીઓ અને સફળતા ફક્ત એક ‘તારીખ’ (મૂળાંક કે ભાગ્યાંક) ના આધાર પર એક જેવી હોઈ શકે છે? બિલકુલ નહીં! એક જ તારીખ પર એક રાજા જન્મતા હોય છે અને તે તારીખે જ એક રંક! રાશિફળ અને ‘એક ભાવ- એક ગ્રહ’નું રહેલું ફળાદેશ કે પુસ્તકિયાં જ્ઞાન-બસ આ હાલ અખબારો અને સોશ્યલ મીડિયા પર બતાવાતું ‘દૈનિક રાશિફળ’ છે.

દુનિયાની વસતી અરબોમાં છે અને રાશિઓ ફક્ત 12 છે. તેનો મતલબ છે કે કરોડો લોકોની એક જ રાશિ છે. શું એ કરોડો લોકોનો દિવસ, તેમનું નુકસાન કે ફાયદો એક જેવો હોઈ શકે છે? કોઈ પણ સામાન્ય માનવી પોતાની ‘તર્ક બુદ્ધિ’ (Common Sense)થી એ સમજી શકે છે કે, રાશિ વગર, નક્ષત્ર, અંશ, યુતિ અને દૃષ્ટિ જોયા વગર ફક્ત એક ગ્રહ અને એક ભાવના આધારે ફળાદેશ કરવું તે અજ્ઞાનતા છે.

> **“ ‘જ્યોતિષ’ એક ઊંડો મહાસાગર છે.. કિનારે બેસીને છીપ ભેગી કરનારા તેની ઊંડાઈનો અંદજ લગાવી શકતા નથી ”**

**વાસ્તુશાસ્ત્ર અને ટી.વી.ની જાહેરખબરોનું પાખંડ**

આવી જ દુર્દશા આજે વાસ્તુશાસ્ત્રની પણ કરવામાં આવી છે. આપણા પડોશી અને નાનકડા દેશ નેપાળ સુધી ટી.વી. પર આવતી આવી ભ્રમિત કરનારી જાહેરાતો પર સખત પ્રતિબંધ/મનાઈ છે. પરંતુ આપણે ત્યાં? અહીં ટી.વી. અને સોશ્યલ મીડિયા પર ખુલ્લેઆમ બકવાસબાજી ચાલી રહી છે! લોકોને ડરાવીને પાખંડ અને યંત્રોના નામ પર મન-માન્યું ઉત્પાદન વેચી રહ્યા છે.

દિશાઓ અને ઊર્જાના આ મહાન વિજ્ઞાનને આજે પ્લાસ્ટિકના કાચબા, પિરામિડ અને યંત્ર વેચવાનો વ્યાપાર બનાવી દીધો છે!

ઘરની વાસ્તવિકતા ઊર્જા અને જન્મકુંડળીના ગ્રહોનું અધ્યયન કર્યા વગર, ફકત કોઈ પણ જગ્યાએ કોઈ વસ્તુ મૂકી દેવાથી ભાગ્ય બદલાતું નથી!

‘સમય’ અને ‘ગ્રહો’ને જે વ્યક્તિ સૂક્ષ્મતાથી સમજી ના શકતો હોય તે તમારું ભવિષ્ય શું બદલવાનો છે? આજે સ્થિતિ બિલકુલ ‘એક ભરવાડ (ચરાવનારો) અને ઘણી બધી બકરીઓ’ જેવી થઈ ગઈ છે. જ્યાં એક નાસમજ ચરાવનાર આખી ભીડને હાંકી રહ્યો છે અને લોકો સમજ્યા-વિચાર્યા વગર ઘેટાં-બકરાની ચાલનો હિસ્સો/ ભાગ બની રહ્યાં છે!

**વૈદિક અને નાડી જ્યોતિષની સૂક્ષ્મતા** અસલી જ્યોતિષ- કોઈ તુક્કો કે સામાન વેચવાનું માધ્યમ નથી પરંતુ એક ઊંડું અને વૈજ્ઞાનિક ગણિત છે.

**જન્મ લગ્નનું મહત્ત્વ** બ્રહ્માંડમાં દર બે કલાકે લગ્ન (Ascendant) બદલાઈ જાય છે. લગ્ન બદલાતાં જ જીવનનો સંપૂર્ણ ઢાંચો અને શરીરની બનાવટ બદલાઈ જાય છે. ચોક્કસ સમય વગર તો લગ્ન કુંડળી પણ બની શકતી નથી!

**નવમાંશ અને સૂક્ષ્મ વર્ગ** અસલ ફળાદેશ ફક્ત લગ્નથી થતું નથી. ગ્રહોનું વાસ્તવિક બળ, નવમાંશ, દશમાંશ અને અન્ય સૂક્ષ્મ કુંડળીઓમાં જોવા મળે છે, જે થોડીક જ



મિનિટોના અંતરમાં બદલાઈ જાય છે.

**નક્ષત્ર અને કેપી સિસ્ટમ** નાડી જ્યોતિષ અને કેપીમાં તો આપણે ગ્રહોથી પણ સૂક્ષ્મ સ્તર પર જઈએ છીએ. ગ્રહ ક્યા નક્ષત્રમાં છે અને તે નક્ષત્રનો ઉપ-નક્ષત્ર સ્વામી કોણ છે? આ ઉપ-નક્ષત્ર સ્વામી તો મિનિટો અને સેકંડોમાં બદલાઈ જાય છે. આ સૂક્ષ્મતાના કારણે જોડિયાં બાળકોનાં ભાગ્યમાં જમીન- આસમાનનું અંતર હોય છે

**નિષ્કર્ષ** કોઈની જન્મતારીખનો એક અંક કાઢીને, તેની ચંદ્ર રાશિ જોઈને કે ઘરમાં કોઈ બજારુ યંત્ર મૂકીને જીવનનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવો, તે જ્યોતિષના આ ગૂઢ વિજ્ઞાનની સાથે અન્યાય છે. એક ગ્રહનું વાસ્તવિક ફળ પરાશરી, કેપી અને નાડી જ્યોતિષની કસોટી પર કસ્યા બાદ, ગ્રહોની યુતિ, દૃષ્ટિ, નીચ-ઉચ્ચ અને અંશ (Degrees) જોયા બાદ જ બતાવી શકાય છે!

પોતાના જીવનને ફક્ત ‘તારીખ’ કે ટી.વી.ની જાહેરખબરોના ભરોસે ના છોડો... જ્યોતિષ એક ઊંડો મહાસાગર છે. કિનારે બેસીને છીપ ભેગી કરનારા તેની ઊંડાઈનો અંદાજ લગાવી શકતા નથી!

# લક્ષ્મી-નારાયણ કવચ ધારણ કરવાથી જીવનની તમામ સમસ્યાઓ દૂર થાય છે

કોઈ પણ મનુષ્યને જો કોઈ પ્રસિદ્ધિ મળે તો તે પ્રસિદ્ધિ તેની દસેય દિશાઓમાં ફેલાય છે. એ જ પ્રકારે જો વ્યક્તિ પર કોઈ સમસ્યા આવે તો પણ તે દસેય દિશાઓમાંથી આવે છે.. તેથી તે વ્યક્તિ હતાશ-નિરાશ અને દુઃખી થઈ જાય છે. જ્યોતિષમાં પણ બૃહસ્પતિ (ગુરુ) ગ્રહ સંબંધિત દેવ/ ભગવાન વિષ્ણુ જ છે. જ્યોતિષ અનુસાર ગુરુ ગ્રહ-ગૃહસ્થ સુખ, સંતાનસુખ, સૌભાગ્ય-સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિનો કારક ગ્રહ છે. કોઈ પણ જાતકની કુંડળીમાં ગુરુ ગ્રહ નીચ રાશિમાં બેઠેલો હોય, રાહુ-કેતુની સાથે યુતિ કરી રહ્યો હોય.. રાહુ-કેતુની દૃષ્ટિથી પીડાઈ રહ્યો હોય તો જાતક ગૃહસ્થ સુખ, કુટુંબ-પરિવારનું સુખ, સૌભાગ્ય સમૃદ્ધિ અને સંતાન વગેરે સંબંધિત સમસ્યાઓથી પરેશાન થઈ જાય છે. આ ‘દશાવતાર ક્વચ’ તે બધી જ દસેય દિશાઓમાં રહેલી નકારાત્મક ઊર્જાને નષ્ટ કરીને સકારાત્મક ઊર્જા શોષિત કરીને સૌભાગ્યમાં વૃદ્ધિ, સંતાન સુખ તથા લાભના માર્ગને ખુલ્લો કરે છે. જે પ્રકારે ભગવાન વિષ્ણુએ દશાવતાર રૂપોમાં પૃથ્વી પર અવતાર લઈને સાધારણ મનુષ્યની જેમ જીવન જીવ્યું તેમ જ તે-તે અવતારોમાં જે પ્રકારે એક માનવ-સુખ-દુઃખ, હર્ષ, વિષાદની અનુભૂતિ કરી. બસ, તે પ્રકારે એ અવતાર રૂપોમાં તેમણે પણ સમસ્ત ભાવનાઓને જીતીને એક સાધારણ મનુષ્યની જેમ પોતાનાં દુઃખો પર પોતાની સમસ્યાઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે!! આ કવચનું નિર્માણ આ દશ અવતારોની વિશિષ્ટતાઓને ભેગી કરીને બનાવવામાં આવ્યું છે. જેને ધારણ કરવાથી ધારકને પણ એ વિશેષતાઓનો ગુણાત્મક રૂપોમાં વિકાસ થઈ શકે, તેમ જ તેમણે જે સહિષ્ણુતાથી દુઃખો, કષ્ટો, વિવાદો પર વિજય મેળવ્યો છે એ જ પ્રકારે એક મનુષ્ય પણ પોતાના જીવનમાં ફેલાયેલી સમસ્યાઓ પર એ જ સાહસ, સહિષ્ણુતા અને ધૈર્યથી વિજય પ્રાપ્ત કરી શકે છે.



**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

**લક્ષ્મી-નારાયણ ક્વચ** ‘લક્ષ્મી-નારાયણ’ શબ્દનો પ્રયોગ પરમ પિતા પરમાત્મા તથા આદિ શક્તિ માટે કરવામાં આવે છે. કેટલાંક લોકો તેને ‘ભગવાન વિષ્ણુ’ તથા તેમની શક્તિ ‘શ્રી’ માટે પણ ઉપયોગ કરે છે. ભગવાન નારાયણ કે વિષ્ણુજીની પૂજા હંમેશા તેમની શક્તિ લક્ષ્મીજીની સાથે કરવી જોઈએ. ધન-રૂપિયાનું મહત્ત્વ સર્વોપરી છે અને તે માનવમાં પ્રારંભિક કાળથી આજ સુધી રહી છે. એટલા માટે શાસ્ત્રોમાં કહેવાયું છે કે, વ્યક્તિએ શ્રી સંપન્ન હોવું જોઈએ.. શ્રી સંપન્ન વ્યક્તિ જ સમાજ અને દેશનું આભૂષણ છે.

જ્યાં લક્ષ્મીનું નારાયણ સાથે આગમન થાય છે તે લક્ષ્મી સાત્ત્વિક હોય છે... નીતિપૂર્ણ ઉપાર્જીત થાય છે તે લક્ષ્મી લાંબા સમય સુધી ટકી રહે છે... કારણ કે નારાયણમાં જ એવા ગુણ છે- જે ચંચળ લક્ષ્મીને બાંધીને રાખી શકે છે. જ્યારે લક્ષ્મી નારાયણની સાથે આવે છે,- તો ‘ગરુડ’ પર સવાર થઈને આવે છે. બીજી તરફ અ-નીતિની અને તામસિક લક્ષ્મી ‘ઘુવડ’ પર સવાર થઈને આવે છે!! જેને દિવસમાં પણ નથી દેખાતું અને લક્ષ્મી તો ચંચળ છે જ... તે ક્યારેય પણ એક જગ્યા પર સ્થિર રહી શકતી નથી.

જ્યોતિષ અનુસાર પણ ભગવાન વિષ્ણુ બૃહસ્પતિ ગ્રહ માટે પૂજ્ય છે. બૃહસ્પતિ ગ્રહ... ગૃહસ્થ-સુખ, સંતાનસુખ, સૌભાગ્ય-સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિનો કારક ગ્રહ છે. કોઈ પણ જાતકની કુંડળીમાં ગુરુ ગ્રહ- નીચ રાશિમાં બેઠેલો હોય... રાહુ કેતુની સાથે યુતિ કરી રહ્યો હોય... રાહુ-કેતુની દૃષ્ટિથી ગુરુ ગ્રહ પીડાતો હોય કે બીજા ક્રૂર ગ્રહોની દૃષ્ટિના કારણે ગુરુ પીડિત હોય તો- જાતક ગૃહસ્થ સુખ, કુટુંબ સુખ, સૌભાગ્ય, સમૃદ્ધિ અને સંતાન સંબંધિત સમસ્યાઓથી પરેશાન થઈ જાય છે!

એ જ ભૌતિક સુખ-સમૃદ્ધિની દેવી લક્ષ્મીને માનવામાં આવે છે, જે શુક્ર ગ્રહ જોડે સંબંધિત છે! જે કુંડળીમાં શુક્ર નીચ રાશિમાં, અસ્તનો હોય. બીજી તરફ અન્ય ગ્રહોથી દૃષ્ટિ-સંબંધ હોય અને ક્રૂર ગ્રહોની સાથે બેઠેલા હોય તો- વ્યક્તિ પોતાનું જીવન પસાર કરે છે, પણ શાંતિથી નહીં. રોજબરોજની આવશ્યકતાઓ પૂરી કરવા માટે પણ તેના માટે માથાનો દુખાવો બની જાય છે એટલે સુખ-સૌભાગ્યની સાથે ભૌતિક સમૃદ્ધિ હોવી જરૂરી છે. એટલા માટે લક્ષ્મી નારાયણ-બંનેની શક્તિઓનું વરણ એક સાથે કરવું જ લક્ષ્મી નારાયણ ક્વચનો વિશેષ અભિપ્રાય છે.

જ્યારે તમે દેવાંમાં, આર્થિક પરેશાનીઓથી અને પોતાના સાંસારિક સંબંધોથી તેમ જ જન્મકુંડળીમાં બેઠેલા ‘ગુરુ’ કે ‘શુક્ર’ની પ્રતિકૂળ પરિસ્થિતિઓથી પરેશાન થઈને તેમની શરણમાં આવે છે ત્યારે પાલનકર્તા વિષ્ણુની આરાધના, સમૃદ્ધિ, માન-સન્માન અને આધ્યાત્મિક ઉન્નતિને તે ઐશ્વર્ય અને ભૌતિક સમૃદ્ધિ-ખુલ્લા હાથે લૂંટાવે છે અને જેવી તેમની યુગલ જોડી છે... એવું જ તમારું ગૃહસ્થ જીવન પણ મધુર મધ જેવું થઈ જાય છે.. લક્ષ્મી-નારાયણ ક્વચનો આ જ ઉદ્દેશ છે.

**અષ્ટ લક્ષ્મી ક્વચ** દરેક મનુષ્ય પછી તે કોઈ પણ સમુદાય સંબંધિત કેમ ના હોય- તેને લક્ષ્મીપ્રાપ્તિ તેમ જ તેના મહત્ત્વનો સ્વીકાર કરવો પડે જ છે. ધન વગર ધર્મનું અસ્તિત્વ આજના યુગમાં સંભવ નથી.